અપીલ અરજી નં.૧૦૦ તા.૨૩–૭–૦૮

અરજદારઃ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ

સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૨ તા.૫–૬–૦૮ ની અરજીથી યુસીડી પ્રેરીત સીડીએસ ધ્વારા ઈન્વેસોફ/પ્રા.લિ. માં કુલ કેટલા રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું તેની વિગતવાર માહિતી પૂરી પાડવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૦/૨૦૦૮–૦૯

શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૨ તા.૫–૬–૦૮ ની અરજીથી યુસીડી પ્રેરીત સીડીએસ ધ્વારા ઈન્વેસોફ/પ્રા.લિ. માં કુલ કેટલા રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું તેની વિગતવાર માહિતી પૂરી પાડવા બાબતે નં.યુસીડી/૪૫૧ તા.૨૪–૬–૦૮ થી ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ" મહિલા બસ્તી વિકાસ સંઘ એ યુસીડી પ્રેરિત શહેર કક્ષાએ કાર્ય કરતી સ્વાયત્ત રજીસ્ટર્ડ સંસ્થા છે જેથી સીડીએસનો વહીવટ તેઓ ધ્વારા કરવામાં આવતો હોઈ માંગેલ માહિતી અંગેની વિગતો યુસીડી ખાતે ઉપલબ્ધ નથી તેવી આપેલ માહિતી સામે અયોગ્ય જવાબ હોઈ માંગેલ માહિતી પૂરી પાડવાની રજુઆત કરી એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો મહિલા બસ્તી વિકાસ સંઘ આરટીઆઈની કલમ–૨(એચ) હેઠળની વ્યાખ્યામાં યુસીડીના વહીવટી/નાણાંકીય નિયંત્રણ હેઠળ આવે કે કેમ?તે અંગેની વિગત તેમજ આપેલ માહિતી કોઈ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૧ તા.૩૧–૭– ૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અપીલ અંગે અરજદારને આરટીઆઈ સેલ/૩૮૧ તા.૩૧–૭–૦૮થી વાજબીપણું અને આધાર પુરાવા રજુ કરવા જણાવેલ છતાં અરજદાર તરફથી કોઈ વિગતો ઉપલબ્ધ થયેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૫–૬–૦૮ ની આઈડી.નં.૨૨૨ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી બાબતે ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી તરફથી તેમના તા.૨૪–૬–૦૮ના પત્રથી ઉપરની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં કરેલ રજુઆત જવાબ નહીં આપ્યા બરાબર છે અધૂરી અને સંતોષકારક નથી તેના સમર્થનમાં કોઈ આધાર કે વાજબીપણું રજુ કરી શકેલ નથી."જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલી માહિતી સુરત મહિલા બસ્તી વિકાસ સંઘ યુસીડી પ્રેરીત સ્વાયત્ત રજીસ્ટર્ડ સંસ્થા છે." તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા રજીસ્ટર્ડ સત્તાધિકારીને અરજી આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ તબદીલ કર્યાની કોઈ વિગતો પણ રજુ કરેલ નથી.

અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માંગણી કરવા છતાં પ્રશ્ન હેઠળની સંસ્થા આરટીઆઈની કલમ–૨(એચ) હેઠળ જાહેર સત્તા મંડળની વ્યાખ્યામાં સમાવિષ્ટ થાય છે કે કેમ? તે અંગે યુસીડીના વહીવટી/નાણાંકીય નિયંત્રણના પરિપેક્ષ્યમાં વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ નથી કે તે અંગે ખંડન પણ કરવામાં આવેલ નથી આ હકીકત ધ્યાને લઈ યુસીડી પ્રેરીત સુરત મહિલા વિકાસ બસ્તી સંઘ યુસીડી ધ્વારા નિયંત્રિત છે કે કેમ? તેમજ સમુચિત સરકાર ધ્વારા પુરા મહદઅંશે પૂરી પાડેલ નાણાંકીય સહાયની કક્ષામાં આવે છે કે કેમ? તેની ચકાસણી કરી જો તેમાં સમાવિષ્ટ થતું હોય તો તદનુસાર માહિતી પૂરી પાડવા અન્યથા હકીકતલક્ષી વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

હુકમ મળ્યેથી દિન–૭ની અવધિમાં કોઈ જ માહિતી ન મળે અથવા મળેલ માહિતીથી નારાજગીના કિસ્સામાં અરજદાર યોગ્ય સંદર્ભસહ દિન–૩૦ માં અત્રે પુનઃ રજુઆત કરવા સ્વતંત્ર છે. દિન–૩૦ ની અવધિમાં અરજદારની ફેર રજુઆતની અનુપસ્થિતમાં અપીલ આખરી નિકાલ થયેલ ગણાશે.

અરજદારની પેનલ્ટી અને વળતર અંગેની અપીલમાંની રજુઆત બાબતે કાયદાની કલમ–૨૦ (૧) અને ૧૯–૮ (બી) હેઠળ સત્તા રાજય માહિતી આયોગને જ હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૮ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,(યુસીડી)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,